
વાર્ષિક લવાજમ રૂા. ૧૦૦/-
ઘનશ્યામ
૧૦ ડિસેમ્બર, ૨૦૨૩ ● વર્ષ : ૪૮
અંક : ૧૨



# અનુક્રમણિકા

03 દિવ્યવાણી




05 જ્ઞાનસત્ર - ૧૭



15 Happy Family



20 અનાદિમુક્ત વિશ્વમ્



36 ચાતુર્માસ પારાયણ અન્વયે યુવાનો જાગો



41 અન્નકૂટોત્સવ



SMVS

ધનશ્યામ

૧૦ ડિસેમ્બર, ૨૦૨૩ ● વર્ષ : ૪૮ ● અંક : ૧૨

સને ૧૯૭૬, જાન્યુઆરી માસથી પ્રારંભ પામેલ આ 'ઘનશ્યામ' સામયિક એ કારણ સત્સંગના જ્ઞાન, ઉપાસના અને સિદ્ધાંતોની પુષ્ટિ કરતું એસ.એમ.વી.એસ. સ્વામિનારાયણ સંસ્થાનું રજિસ્ટર્ડ મુખપત્ર છે જે દર માસની દસમી તારીખે પ્રકાશિત થાય છે.

પ્રકાશક : સાધુ ભક્તવત્સલદાસ

માલિક : સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

તંત્રી : નરેન્દ્રભાઈ આર. ત્રિવેદી

સંપાદક : સાધુ નિર્ગુણજીવનદાસ

આદ્ય સ્થાપક : શુદ્ધ ઉપાસના પ્રવર્તક અ.મુ. સદ્. શ્રી દેવનંદનદાસજી સ્વામીશ્રી (ગુરુદેવ પ.પૂ. બાપજી)

પ્રેરક : પ.પૂ. અ.મુ. સદ્. શ્રી સત્યસંકલ્પદાસજી સ્વામીશ્રી (ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી)

મુદ્રકઃ સાધુ પૂર્ણસ્વરૂપદાસ

મુદ્રણઃ વાઈબ્રન્ટ ઈમેજ, અમદાવાદ

સહતંત્રીઃ સાધુ રાજીપાસ્વરૂપદાસ

લેખનકાર્યઃ લેખકવૃંદ



**પત્રવ્યવહાર માટેનું સરનામું :**

ઘનશ્યામ કાર્યાલય, સ્વામિનારાયણ ધામ,
કોબા-ગાંધીનગર હાઈવે,ગાંધીનગર-૭

Visit : www.smvs.org I

Email : magazine@in.smvs.org



કુલ પેજ : ૪૦ + ૪ ટાઈટલ = ૪૪

GHANSHYAM


10 December, 2023 • Year : 48 • Edition : 12

# દિવ્યવાણી

**તા. ૧૬-૧૧-૨૦૨૩ની ગુરુજીની**
**જ્ઞાનસત્ર-૧૭ની પ્રાતઃ સભામાંથી સંકલિત**

તાજેતરમાં ઊજવાયેલ જ્ઞાનસત્ર–૧૭ના પ્રથમ દિને વ્હાલા ગુરુજીએ આભાર પ્રાર્થના દ્વારા સમગ્ર સમાજને શ્રીજીમહારાજે કરેલી અનહદ કૃપા અને કરુણાના ગાનથી રસભીનો કર્યો હતો. દિવ્ય સત્પુરુષ ગુરુજી પ.પૂ.  સ્વામીશ્રીના ઠેઠના પરભાવી શબ્દો અને એમના આગ્રહથી અનેરા દિવ્યાનંદની અનુભૂતિ આપણને સૌને થઈ હતી. તો આવો, આજે ફરી આ આભાર પ્રાર્થનાના ચિંતન દ્વારા એ દિવ્યાનંદને તાજો કરીએ.

"મહારાજ, શું હું માનું, આભાર તમારો."



આહાહા... કેવા દિવ્ય શબ્દો ! શું જરૂર છે આ દિવ્યપુરુષને આ પ્રાર્થનાની છતાંય આપણને એમના જેવા કરવાના એકમાત્ર સંકલ્પ, એકમાત્ર આગ્રહથી આ દિવ્યપુરુષે આવી અદ્ભુત પ્રાર્થનાની રચના કરી. આપણને ક્યાં પડી છે ? આપણે તો દૈહિક અને વિષય સુખ માટે જ લાવા–ઝાંખા મારીએ છીએ. તેમ છતાં કેટલી અપાર દયા, અપાર કરુણા કે કોઈ જ પ્રકારની નફરત, ઘૃણા કે તિરસ્કાર વગર આપણી પાછળ મંડ્યા જ રહે. ખરેખર તો મહારાજ પહેલાં આપણે ગુરુજીનો આભાર માનવા જેવો નથી ? ક્યાં આપણે ને ક્યાં એ ! છતાં આપણને શિખવાડવા એ પોતે કેટલું કરે છે !!

આપણને પ્રાર્થના કરતા નથી આવડતું તો ગુરુજી પોતે કેટલી અને કેવી પ્રાર્થના કરે. આ પ્રાર્થનાનું ગાન થતું ત્યારે ગુરુજીનો કેવો નીતરતો દાસત્વભાવ દર્શિત થતો. એમનાં કરુણાભર્યાં નયન અને ગદ્‌ગદિત કંઠ આપણને કેવા ભીના કરી દે છે. વિચારીએ કે આપણી પર કેટલી બધી કરુણા કે આપણને એમના જેવા કરવાનો સંકલ્પ રાખી દાખડો કરનાર સત્પુરુષ મળ્યા છે. હવે આપણી ફરજ છે એમના સંકલ્પમાં સમાઈ જવાની. ભલે આપણને આવડે કે ના આવડે તોપણ જો ખટકાપૂર્વક આ પ્રાર્થના કરીશું તો એ અતિ દયાળુ છે. એમને જે આપવાનું છે તે આપી દેશે. તો આવો, ખરેખરા ભૂખ્યા અને ગરજુ થઈ વારંવાર આ પ્રાર્થનાના આધારે મહારાજને કગરીએ.

"મહારાજ, શું હું માનું, આભાર તમારો; આભાર તમારો માનું, આભાર તમારો."

કેટલી નરી વાસ્તવિકતા છે. હે મહારાજ ! ક્યાં આપ ને ક્યાં હું ! કેવી આપની અનહદ કરુણા. આપનો આભાર હું શું માનું ? કેટલો માનું ? આપનાં દર્શન ન મળે. આપના થવાનું ન મળે ને આપ આખા મને મળી ગયા ! આહાહા... મહારાજ, હું શું આપનો આભાર માનું ? આપે મારા માથે કેટલો ભાર ભર્યો છે, કેટલું આપનું ઋણ છે, પ્રભુ. આપની આગળ હું તો દામ વગરનો દાસ છું. બજારમાં મને કોઈ પાંચ રૂપિયાય ના આપે ને આપે મને સ્વીકારી લીધો ! વાહ પ્રભુ વાહ ! આપનો ખૂબ ખૂબ આભાર.

હે રાજાધિરાજ ! જો આપ મને ન મળ્યા હોત તો હું ક્યાંય રખડતો–રઝળતો હોત. ભવસાગરમાં ગોથાં ખાતો હોત ને પ્રભુ, આપે મારી બાંહ્ય ઝાલી લીધી.

"રખડતાં રઝળતાં ખેંચી લીધો, હાથ ગ્રહીને પોતાનો કીધો;
પ્રેમમાં ડુબાડી કર્યો તેં સીધો,
દીકરો કહીને દાબી દીધો."

હે દયાળુ ! હું શું આપને શોધું ? આપે મને શોધી લીધો. હું આવ્યો નથી, આપ મને લાવ્યા છો અને એટલું જ નહિ; આપે મને પોતાનો કીધો. બસ મહારાજ ! મને સદાય તમારો કરી રાખજો. ક્યાંય ચહકવા દેતા નહીં.

હે મહારાજ ! જન્મોજન્મ મેં પ્રેમ કર્યો માયાના પૂતળામાં !! મને ક્યાં આપની સાથે પ્રેમ કરતા આવડે છે ? આપે મારી સાથે પ્રેમ કર્યો. એટલું જ નહિ, આ મારો છે... તું મારો છે... મારો દીકરો છે... મારા સંકલ્પનું પાત્ર છે એમ કહી લાડ લડાવી છાતીએ ચાંપી પ્રેમમાં ડુબાડી દીધો !!

વ્હાલા મુક્તો, આ લોકની રીતિ કેવી ? ભૂલ થાય તો પનિશમૅન્ટ કરીને સીધા કરે. જ્યારે આપ પ્રેમ આપીને, વ્હાલ આપીને, ભેટીને, લાડ લડાવીને સીધા કરો છો. ભૂલો–દોષો ટળાવો છો.

એનું કારણ છે પ્રભુ, હું પ્રથમથી જ આપનો હતો અને છું. હું ભૂલો પડ્યો હતો પણ આપે મને છોડી ન દીધો. આપ અનેક વખત કહો છો કે,

> "નથી નવો તું જૂનો આદર, હતો અમારો જો પૂર્વાપર;
> ફાવી ગયો તું અમને પાકર, કહીને વરસ્યા તમે સુખસાગર."

હે દયાળુ ! આપ મનુષ્યને મનુષ્ય રૂપે દર્શન આપતા હતા ત્યારેય હું હતો. બાપાની વખતમાંય હતો. સદ્‌ગુરુની વખતમાંય હતો. છતાં દરેક વખતે આપને દુ:ખી ને ઓશિયાળા જ કર્યા ! આપના પરભાવી સંકલ્પને પિછાની ન શક્યો. એમાં ભળી ન શક્યો. પરિણામે આ વખતે ફરી લાવ્યા. અમને ફરી તક આપી. આપે અમને રેઢા ન મૂકી દીધા. અમારી સાથે તમે પણ સત્પુરુષ દ્વારે આવતા રહ્યા. કારણ કે આપણી પ્રથમની પ્રીત હતી.

આહાહાહા... પ્રભુ, અમે ફાવી ગયા છીએ ! આ ફેરે પણ આપ મળી ગયા, આપના દિવ્ય સત્પુરુષની દિવ્ય છત્રછાયા મળી ગઈ. પ્રભુ ! શું આપની મહેર અને કરાવી છે લીલા લહેર. શું આપનો આભાર માનું દયાળુ !

> "સત્પુરુષના જોગમાં લાવી, વચનમાં વિશ્વાસ કરાવી;
> જન્મોજન્મનાં ખાતાં છોડાવી, સર્વોપરી નિષ્ઠાની ઘેડ્ય પડાવી."

પ્રભુ ! આ બધું આપબળે અશક્ય હતું. પરંતુ આહાહા... કેવી અજબ, અલૌકિક, અદ્‌ભુત અને અજોડ સત્પુરુષની ભેટ આપી દીધી ! આ દિવ્યપુરુષના પ્રતાપે આપના સ્વરૂપની જેમ છે તેમ ઓળખાણ કરાવી દીધી. એટલું નહિ, આપના વચનમાં વિશ્વાસ અપાવ્યો. છતે દેહે કલ્યાણની હા પડાવી દીધી : "જા, તારા એક જન્મનાં નહિ, બે જન્મનાં નહિ, અનંત જન્મનાં ખોટનાં ખાતાં વાળીને, તારા ચૈતન્યને અનાદિમુક્ત કરીને મૂર્તિના સુખમાં રાખ્યો છે, રાખ્યો છે ને રાખ્યો જ છે. સૂર્ય ફરે, ચંદ્ર ફરે, અનંતકોટિ બ્રહ્માંડ ફરે પણ આપણે ફરવું નહીં." એ વખતે તો સદ્. નિત્યાનંદ સ્વામી જેવા ઉપાસક એક જ હતા. જ્યારે અત્યારે આ દિવ્યપુરુષના પ્રતાપે હજારો નિત્યાનંદ સ્વામી ઊભા થયા છે !! આ છે દિવ્યપુરુષનો મારી પરનો ઉપકાર.

મહારાજ, કેવી રીતે અને શું આપનો આભાર માનવો ? કેવી રીતે આપના અમારી પર થયેલા ઋણને અદા કરું ? શબ્દોમાં વર્ણવવો અશક્ય છે, પૃષ્ઠો પર કંડારવો અશક્ય છે એવો અસીમિત ઉપકાર છે આપનો. બસ,

> "મહારાજ, શું હું માનું, આભાર તમારો,
> બાપા, શું હું માનું, આભાર તમારો;
> ગુરુદેવ, શું હું માનું, આભાર તમારો."

• • •

શબ્દોમાં જ્યારે અંતરનો ભાવ ભળે છે ત્યારે તે પ્રાર્થના બને છે. ત્યારે આ દિવ્ય પરભાવી શબ્દોના સહારે અંતરના આર્તનાદે પ્રભુને કગરીએ. આ પ્રાર્થનામાં મહારાજની આપણી પર કરેલ કૃપાનો અહોભાવ છે.

જો ખરેખર આ પ્રાર્થના થાય તો અંતર સાવ હળવું થઈ જાય, આનંદ આનંદની છોળો ઊડે, બેઠો આનંદ અને શાંતિનો અનુભવ થાય. કોણ મળ્યું છે ? અને કેવા કર્યા છે ? આ પ્રાપ્તિના કેફમાં અલમસ્ત થઈ જવાય.


આપણી પરિસ્થિતિ સાવ કેવી હોય છે ? સવારે જુદા, સાંજે જુદા. સુખ–દુ:ખના દ્વંદ્વોમાં અથડાયા કરીએ છીએ. સાવ શુષ્ક અને શૂનકાર અવસ્થામાં આપણે જીવી રહ્યા છીએ તો એમાંથી ઊગરવાનો એકમાત્ર ઉપાય છે – પ્રાર્થના. આ પ્રાર્થનાને ખટકાપૂર્વક કરીશું તો જરૂર મહાત્મ્યથી રસભીના થવાશે. (ક્રમશ:)

# જ્ઞાનસત્ર - ૧૭

"અવસર રૂડો આવી ગયો છે,
આનંદનો નહિ પાર;
રાજીપાને લૂંટી બનો સૌ,
મૂર્તિમાં રમનાર."



શ્રીજીમહારાજની મૂર્તિ એટલે આનંદનો સાગર, સુખનો સાગર. એમાં મહાલવાનો અણતોલ અવસર એટલે જ્ઞાનસત્ર ૧૭. તા. ૧૬-૧૧-૨૦૨૩થી તા. ૨૦-૧૧-૨૦૨૩ દરમ્યાન પાંચ દિવસીય જ્ઞાનસત્ર ૧૭ સ્વામિનારાયણ ધામની દિવ્ય સંકલ્પભૂમિ ઉપર ઊજવાઈ ગયું. આ જ્ઞાનસત્રમાં વ્હાલા ગુરુજીનો મૂર્તિસુખ આપવાનો પ્રચંડ આગ્રહ, વિરાટાતિવિરાટ સંકલ્પોનો પ્રવાહ અને એમની અનહદ કૃપાવર્ષામાં ભિંજાવું એ અણમોલ અવસર હતો. જ્ઞાનસત્રમાં ચારેય સ્વરૂપનો મહિમા સમજવાનું, પરભાવસ્થ થવાનું અને સુખી જીવન જીવવાનું પ્રાયોગિક દિશાદર્શન ગુરુજી દ્વારા શિબિરાર્થીઓને મળ્યું હતું. આ અવસરમાં રોજના પ્રત્યક્ષ ૧૪,૦૦૦થી વધુ તથા ઑનલાઇન માધ્યમથી દેશ-પરદેશના ૩૦,૦૦૦થી વધુ હરિભક્તો વ્હાલા ગુરુજીના સંકલ્પો અને આગ્રહોને ઝીલી મૂર્તિસુખના માર્ગે આગળ વધ્યા હતા.




# પરભાવીય પ્રાતઃસેશનો




અવરભાવમાત્રની વિટંબણાઓથી છૂટી મૂર્તિના સુખમાં નિમગ્ન થવાનું શ્રેષ્ઠ માધ્યમ એટલે જ્ઞાનસત્રના પ્રાતઃ સેશનો. સુંદર સંગીતની સુરાવલીઓ સાથે પરભાવીય કીર્તનોના ગાનથી સેશનનો પ્રારંભ થતો. ત્યારબાદ ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી દ્વારા લેવાતી નૂતન પ્રાર્થનાઓ, નૂતન ધ્યાન તથા નૂતન કીર્તનોના શ્રવણથી તથા જ્ઞાન ચિંતનથી સર્વે સંતો–હરિભક્તો દેહભાવથી પૃથક્ થઈ મૂર્તિસુખમાં મહાલતા થયા હતા. જેમાં જ્ઞાન ચિંતન અન્વયે ગુરુજીએ સમગ્ર સમાજને પરભાવમાં રહી અવરભાવનો રોલ ભજવવાનું સુંદર દિશાદર્શન આપ્યું હતું.

જ્ઞાનસત્રના પ્રાતઃ સેશનમાં વ્હાલા ગુરુજીએ ‘વંદું સહજાનંદ રસરૂપ’ એ પદને આ વર્ષે ૨૦૦ વર્ષ પૂર્ણ થતાં હોવાને લીધે જ્ઞાનસત્રમાં રોજ એના બે પદોનું સામૂહિક ગાન કરાવ્યું હતું. વળી, આ વર્ષે એટલે કે સંવત ૨૦૮૦, મહા વદ ચૌદશનો દિન ‘વંદું સહજાનંદ દ્વિશતાબ્દી ઉત્સવ’ તરીકે ઊજવવાનો ઉદ્‌ઘોષ ગુરુજીએ કર્યો હતો. માટે, રોજ આ પદોનું ગાન કરી શ્રીજીમહારાજની મૂર્તિમાં રસબસ થઈએ એવી આજ્ઞા ગુરુજીએ સમસ્ત સત્સંગ સમાજને કરી હતી.

# ગુરુજીની કૃપાવર્ષા
















સર્વેને શ્રીજીમહારાજના સંકલ્પ સમા પાત્ર બનાવવા માટેનો ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીનો આગ્રહ અદ્‌ભુત હતો. આ માટે તેઓએ કદી સ્વ સામે જોયું નથી. શ્રીજીમહારાજના પરભાવી સંકલ્પો માટે પોતે અપાર દાખડો કરે. એમાંય ઊંઘ, ભૂખ અને થાકની લકીર પણ ઝબકવા ન દે. એટલું જ નહિ, આ પુરુષ એટલા ખીલી ઊઠે કે અનંત યુવાનોની યુવાની તેમની આગળ ઝાંખી પડી જાય.

સવારે ૬:૧૫થી ૮:૦૦ વાગ્યા સુધી ગુરુજી દર્શન વિભાગમાં દર્શનથી, સ્પર્શથી તેમજ સંકલ્પથી મુમુક્ષુઓનું સેવન કરતા. દર્શન વિભાગમાં સવાર–સાંજ આવતા બાળકોને ગુરુજી રાજીપા રૂપે ફળની પ્રસાદી આપી, દરેક બાળકોને રાજી કરી લેતા. નવા મુમુક્ષુઓને વર્તમાન ધરાવતા તો વળી કંઠી પણ ધારણ કરાવતા. આમ, એમની કૃપા સતત શિબિરાર્થીઓ પર વહેતી રહેતી.

પ્રાતઃ કાળે ૮ વાગ્યે પ્રારંભ થતું સત્ર મધ્યાહ્‌ને ૧૧ વાગ્યે તો ક્યારેક ૧૧:૩૦ વાગે માંડ માંડ વિરમતું. ત્યારબાદ ગ્રૂપ સભાનો લાભ શરૂ થતો જે ૧:૩૦ વાગ્યે વિરમતો. વળી, બપોરે ૩:૩૦ વાગ્યાથી ૫:૦૦ વાગ્યા સુધી મુમુક્ષુજનોને દર્શન–સ્પર્શ–આશીર્વાદનો લાભ આપવા ગુરુજી દર્શન વિભાગમાં બિરાજી જતા. ૫ વાગ્યે સીધા સભામંડપમાં પધારતા તો છેક રાત્રે ૯:૩૦ વાગ્યા સુધી એક આસને બિરાજી સૌને સુખિયા કરતા. આમ, સર્વે સંત–હરિભક્ત સમાજ ગુરુજીની આ કૃપાવર્ષામાં ભિંજાયો હતો.

# વિધ વિધ સભાઓ

જ્ઞાનસત્રમાં કિશોર તથા યુવકમુક્તોની ૪૫થી વધુ સેન્ટરવાઇઝ ગ્રૂપ સભાઓ થતી હતી. જેમાં પ્રાતઃ સેશનમાં ગુરુજીના લાભની સમીક્ષા અને જીવનલક્ષી વિષયો ઉપર ૮૦૦૦થી વધુ પુરુષ વર્ગને પૂ. સંતોનો તથા મહિલા વર્ગને પૂ. ત્યાગી મહિલામુક્તોનો લાભ મળતો હતો.
આ ઉપરાંત બાળ–બાલિકા શિબિર, SBS શિબિર, SKS સભા અને SBS પેરેન્ટ્સ મિટિંગ દ્વારા સર્વે સમાજને પૂ. સંતોનો લાભ મળ્યો હતો.
ગુરુજી દ્વારા ઉત્તરપ્રદેશ તેમજ તમિલનાડુથી પધારેલા ૬૦થી વધુ હરિભક્તો માટેની એક વિશિષ્ટ સભાનું પણ આયોજન કરવામાં આવ્યું હતું.
આમ, આ સભા દ્વારા સૌ ગુરુજીના સંકલ્પમાં ભેગા ભળવા વધુ તત્પર બન્યા હતા.
















SBS Parents Meeting
SMVS












# વિશિષ્ટ કાર્યક્રમો




જ્ઞાનસત્રમાં કથાવાર્તાની સાથે અન્ય વિશિષ્ટ કાર્યક્રમોનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પૂ. સંતો તથા હરિભક્તોનું અરસપરસ ચંદનપૂજન, હરિભક્તોને પૂ. સંતોના હસ્તે પિરસણ લીલા તથા પૂ. સંતો અને હરિભક્તોની પરસ્પર ભેટણ લીલા અને સંત ભોજન દર્શનનો દિવ્ય લાભ લઈ સૌ દિવ્યભાવ અને મહિમાથી હર્યાભર્યા થયા હતા.
















Gyansatra-17
Happy Family

# સુખકર સાયં સેશનો




જ્ઞાનસત્રના પ્રથમ દિને વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સાથે ગુરુજી, પૂ. વડીલ સંતો તથા મોટેરા હરિભક્તો અનાદિમુક્ત પીઠિકાનાં દર્શન અર્થે પધારેલા. ત્યારબાદ ઘનશ્યામ મહારાજને સુશોભિત પાલખી ઉપર બિરાજિત કરી ગુરુજી, પૂ. સંતો અને દેશ-વિદેશના હરિભક્તો સાથે વિશિષ્ટ ભક્તિયાત્રાનો પ્રારંભ થયો. ભક્તિયાત્રા જ્ઞાનસત્રના મુખ્ય સભામંડપ આગળ જ્યારે પહોંચી ત્યારે મોટેરા હરિભક્તોએ વ્હાલા ગુરુજીનું હાર દ્વારા પૂજન કર્યું. ત્યારે પૂ. સંતોએ ગુરુજીને હાર ધારણ કરી રાખવા પ્રાર્થના કરી. પણ ગુરુજીએ હાર હરિભક્તોને પ્રસાદી રૂપે પહેરાવી દીધો. ગુરુજીમાં કેવો અહમ્‌શૂન્યભાવ ! એમને કોઈ લૌકિક મોટપ ગમતી જ નથી.

ત્યારબાદ તેઓ સભામંડપમાં પધાર્યા. ત્યારબાદ હેપી ફેમિલિ સાયં સેશનનો દિવ્યારંભ વ્હાલા ગુરુજી, વરિષ્ઠ સંતો તથા મોટેરા હરિભક્તોના હસ્તે દીપ પ્રાગટ્ય દ્વારા



કરવામાં આવ્યો હતો. આજના સાંપ્રત સમયમાં ઘર ઘરની કરુણ પરિસ્થિતિને ધ્યાનમાં રાખીને વ્હાલા ગુરુજીએ સમગ્ર એસ.એમ.વી.એસ. સમાજને HAPPY FAMILY કરવાનો દિવ્ય સંકલ્પ આપ્યો હતો. આ સંકલ્પને પુષ્ટિ આપવા માટે સંસ્થાના વિવિધ ઝોનમાંથી પૂ. સંતોના માર્ગદર્શન હેઠળ વિવિધ દિન જેવા કે, સંપ દિન, સ્વભાવ દિન, સંસ્કાર દિન અને સત્સંગ દિનની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં ઉપરોક્ત વિષયને ન્યાય આપવા માટે વિવિધ સંવાદો, વિડિયો દર્શન તેમજ એવા રાજીપાના પાત્રોનું દર્શન અને પૂ. સંતોના તથા હરિભક્તોના પ્રવચનનો લાભ સૌ ભક્ત સમાજને પ્રાપ્ત થયો હતો. આ સંધ્યા સેશનમાં વ્હાલા ગુરુજીએ પણ જીવનને સ્પર્શતી અમૃત વાતો કરીને અવરભાવ કેવી રીતે સુધારવો એની ગુરુચાવી આપી હતી.







Dr.Gupta






ખબર બે ખબર










## ગુરુદેવ પ.પૂ. બાપજીના દિવ્ય આશીર્વાદ



વ્હાલા ગુરુજી સદાય દાસત્વપણે વર્ત્યા છે અને વર્તે છે. તો આવા જ્ઞાનસત્રના દિવ્ય પ્રસંગે તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજીને કેમ ભૂલે !! વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજીએ વિડિયોના માધ્યમ દ્વારા આશીર્વાદ પાઠવ્યા હતા કે, **"આશીર્વાદ કોને મળે ? સ્વામીએ (વ્હાલા ગુરુજીએ) જે વાત કરી એ પ્રમાણે વર્તન રાખે એને આશીર્વાદ મળે."**

આ દિવ્ય પળે સૌ ગુરુદેવની દિવ્ય સ્મૃતિમાં મગ્ન બન્યા હતા.

# વ્હાલા ગુરુજીએ જણાવેલ સંકલ્પો

હેપી ફેમિલિ કરવા માટે વ્હાલા ગુરુજી તરફથી ચાર સંકલ્પો મળ્યા હતા. આ ચાર સંકલ્પો માટે ગુરુજીએ વિવિધ ચાવીઓ-ઉપાયો આપ્યા છે તો એને આપણા જીવનમાં અજમાવી અને સુખી જીવન જીવીએ, સુખી જીવનનો અનુભવ માણીએ.

૧. સંપ રાખવા માટેની ત્રણ ચાવી :

- Acceptance
- Adjustment
- Compromise

૨. સ્વભાવ ટાળવા માટેના ઉપાયો :

- રાજીપાનો સ્વાર્થ રાખવો.
- નિજદર્શન કરવું.
- રોકટોક કરવાનો અન્યને અધિકાર આપીવો.
- મનગમતું મૂકી સરળ થવું.

૩. સંસ્કાર

– સંસ્કાર આપવાની ત્રણ પદ્ધતિ છે :

- માતાના ગર્ભમાંથી સંસ્કાર આપવા.
- વાણીથી સંસ્કાર આપવા.
- વર્તનથી સંસ્કાર આપવા.

૪. સંગ

- સંતોનો સંગ રાખવો અને સત્સંગનો યોગ રાખવો.
- કુસંગથી બચવા સંતો અને મંદિરથી નજીક રહેવું.
- દીકરા-દીકરીને સત્સંગના યોગમાં રાખવા.

**Family Timeમાં શું કરવાનું ?**

- નિજદર્શન ડાયરી લેખન
- પ્રાર્થના, ગુણલેખન અને એકબીજાની ડાયરીનું વાંચન
- ક્ષમાયાચના
- સમૂહભોજન

# નૂતન પ્રકાશનો

**સંસ્થાની વેબસાઈટ પર PDF સ્વરૂપે ઉપલબ્ધ**

● **પ્રાર્થના**

- પ્રાર્થના દ્વારા મહાપ્રભુ સાથેના જોડાણની અદ્ભુત સફર.
- પ્રાર્થનાનો અનુભવ પામેલા અનુભવીઓની સરવાણી.
- પ્રાર્થનાની રીતે અને તેના ફાયદા

● **કરુણામૂર્તિ સદ્‌ગુરુ**

- સ્વામિનારાયણ ભગવાન તથા દિવ્ય અમીરપેઢીએ વહાવેલી કરુણાનું દર્શન.
- મોટાપુરુષોના જીવનમાંથી દયા અને કરુણાની અદ્ભૂત પ્રેરણા.
- વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની દયા અને કરુણાથી થયેલા પરિવર્તનના પ્રસંગો.

**બાળકો માટે નૂતન પ્રકાશન**

● **My Maharaj My Guruji (English)**

**વિશેષતાઓ :**

- ઘનશ્યામ મહારાજ તથા ગુરુજી પ્રત્યે મમત્વભાવ દૃઢ કરાવતા અદ્ભુત પ્રસંગો.
- સુંદર ગ્રાફિક્સ સાથે સચિત્ર રજૂઆત.
- વિવિધ બોર્ડ ઍક્ટિવિટીઝ.

● **પ્રામાણિકતા**

- હૃદયસ્પર્શી સંવાદ દ્વારા પ્રામાણિકતાના મૂલ્યોને બચાવવાની પ્રેરણા આપતાં પ્રકરણ.
- વર્તમાન યુગના ભ્રષ્ટાચારને ડામી અમૂલ્ય મૂડીના જતનની સ્પષ્ટતા રજૂ કરતા મુદ્દા.
- વર્તમાનકાળે પ્રામાણિકતાની સુવાસ પ્રસરાવતા જીવંત પ્રસંગો.

**આજે જ વાંચો અને અન્યને પ્રેરણા આપો.**





# અનાદિમુક્ત વિશ્વમ્

શ્રીજીમહારાજનો અનાદિમુક્તની સ્થિતિને વિશ્વવ્યાપી કરવાનો ભવ્ય અને પ્રચંડ સંકલ્પ છે. આ સંકલ્પપૂર્તિનું શ્રેષ્ઠ માધ્યમ એટલે સ્પિરિચ્યુઅલ સેન્ટર. જ્ઞાનસત્રના તૃતીય દિને આ સ્પિરિચ્યુઅલ સેન્ટરરૂપી મહારાજના દિવ્ય સંકલ્પના નામનો ઉદ્‌ઘોષ કરવામાં આવ્યો હતો. પ્રોગ્રામના પ્રારંભે પૂ. નિર્લેપસ્વામીએ પ્રાસંગિક ઉદ્‌બોધન કર્યું હતું.

**સંકલ્પ :** શ્રીજીમહારાજે ગઢડા મધ્ય પ્રકરણના ૪૫મા વચનામૃતમાં પોતાના પરભાવના સંકલ્પોનું વાવેતર કરેલું. જે આજરોજ સંવત ૨૦૮૦માં અનાદિમુક્ત વિશ્વમ્ નામે સાકાર થયું. આ સંકલ્પની પુષ્ટિ આપતાં ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીએ જણાવ્યું કે, **"મહારાજે સંવત ૧૮૮૦ના પ્રારંભે પોતાના પરભાવના અનાદિમુક્તના વિશ્વવ્યાપી સંકલ્પનું વાવેતર કરેલું જે આજે સાકાર થઈ રહ્યું છે. જેમાં શ્રીજીમહારાજે સ્વામિનારાયણ સંપ્રદાયના સર્વેને સંબોધીને પોતાના 'તલમાત્ર કસર રહિત કરવાના' સંકલ્પની પુષ્ટિ આપી છે."**

**સમર્પણ :** ત્યારબાદ વ્હાલા ગુરુજીએ આ સ્પિરિચ્યુઅલ સેન્ટરના પ્રાદુર્ભાવમાં બાપાશ્રી, સમર્થ સદ્‌ગુરુશ્રીઓ, સંતો-હરિભક્તો અને કારણ સત્સંગની સંસ્થાઓના સદ્‌ગુરુઓના તથા









એવા સ્થિતિવાળા પુરુષોના દાખડા તથા સમર્પણને સંભારી સ્પિરિચ્યુઅલ સેન્ટરના સંકલ્પની સમર્પણગાથામાં સૌને તલ્લીન કર્યા હતા.

**નામાભિધાન :** વ્હાલા ગુરુજીએ ભગવાન સ્વામિનારાયણને સ્પિરિચ્યુઅલ સેન્ટરના નામાભિધાન માટે પ્રાર્થના કરી હતી. ત્યારે શ્રીજીમહારાજે સ્પિરિચ્યુઅલ સેન્ટરનું નામ આપ્યું : **અનાદિમુક્ત વિશ્વમ્.** આ ક્ષણે વ્હાલા ગુરુજીએ હરિકૃષ્ણ મહારાજને લઈ અનાદિમુક્ત વિશ્વમ્‌ના ફલક ઉપર દૃષ્ટિ કરાવી તેમજ મહારાજને દિવ્યભાવે પ્રાર્થના પણ કરી. સાથે સાથે આ શ્રીજીમહારાજના ભવ્ય પ્રચંડ સંકલ્પનું દંડવત-દર્શન કરી પુષ્પોથી પૂજન પણ કર્યું. પછી આ ફલક ઉપર શ્રીજીમહારાજ-બાપાને પ્રાર્થના અંકિત કરી :


**‘હે મહારાજ ! હે બાપા ! આપના ભવ્ય પ્રચંડ દિવ્ય સંકલ્પોને આપ જ પૂરા કરજો...’**


વડીલ સંતો તથા એસ.એમ.વી.એસ.ની પાયાની ઈંટ સમા હરિભક્તોએ પુષ્પાંજલિ અર્પણ કરી આ નામને વધાવ્યું હતું. આ દરમ્યાન ચાલતી આતશબાજી તથા લહેરાતા વિજય પતાકાઓ દ્વારા વાતાવરણ અસ્મિતા અને મહાત્મ્યથી સભર બન્યું હતું. અંતમાં સંસ્થાના સર્વે પૂ. સંતો પણ આ નામને પુષ્પાંજલિ અર્પણ કરી કૃતકૃત્ય બન્યા હતા. આ સમયે ગુરુજીએ સૌને અનાદિમુક્ત વિશ્વમ્‌નો શું હેતુ છે તથા શું સંકલ્પ છે તે પણ પદ્ય સ્વરૂપે જણાવ્યો હતો : →

### અનાદિમુક્ત વિશ્વમ્ નામા ઉદ્‌ઘોષ સ્તોત્ર

“મધ્ય પિસ્તાલીસે હવે અનાદિ કરવા, સંકલ્પમાં તત્પરતા ભરી;
૨૦૦ વર્ષ પછી જણાય છે હવે, નરી અધીરાઈ ભરી.
કારણ સત્સંગ વિશ્વવ્યાપી કરજો, પણ પ્રારંભ કરજો અમથી;
ખાસ કૃપા ને બિરદ વાપરી, છટકવા ન દેશો સંકલ્પથી.
સંકલ્પ સ્વયં ધણીનો છે, કર્તા સ્વયં સમ્રાટ છે;
કાર્ય વિરાટ અને વિશાળ છે, પણ કર્તા રાજાધિરાજ છે.
શું થશે ? કેવું હશે ? કેમ કરશે ? કેવડું કરશે ?
કરશે, કરશે, જરૂર કરશે, બસ યુનિક કરશે;
ઠેઠના પ્લાનને એ એક જ જાણે,
બસ નિમિત્ત બની જઉં ઇચ્છા પ્રમાણે.
હે મહારાજ ! હે બાપા ! હે ગુરુદેવ !
આપના દિવ્ય સંકલ્પનું રૂડું નામ તો આપો;
ત્યારે સ્વયં શ્રીહરિ કહે છે,
**‘અનાદિમુક્ત વિશ્વમ્’ સ્થાપો.**
વિશ્વભરથી ખેંચશે, અનાદિમુક્ત કરવા મુમુક્ષુને,
માટે અનાદિમુક્ત વિશ્વમ્;
ખીલશે અનાદિમુક્તની સ્થિતિ વિશ્વમાં આ વિશ્વથી,
એથી અનાદિમુક્ત વિશ્વમ્;
બે-પાંચ-પચ્ચીસ નહિ, લાખો થશે અનાદિ,
માટે અનાદિમુક્ત વિશ્વમ્;
મહારાજ બાપા સાર્થક કરશે, આ અનાદિમુક્ત વિશ્વમ્,
આ અનાદિમુક્ત વિશ્વમ્, આ અનાદિમુક્ત વિશ્વમ્.
અનાદિમુક્તોની મનવારો ભરવી તમારે,
મૂર્તિમાં રાખવા આવ્યા છો આ વારે;
પરભાવી વિશ્વ પ્રગટાવો હે દયાળુ,
અનાદિમુક્ત વિશ્વમ્ સર્જો કૃપાળુ.
જોજો આ યુગકાર્યમાં રહી ન જતા,
મહારાજ બાપા વખતે પણ હતા;
તન, મન, ધનથી બસ રાજી કરી લેજો,
હોમાઈ જજો, પૂર્ણાહુતિના બસ થાપા મારી દેજો;
અનાદિમુક્ત વિશ્વમ્‌નો જયજયકાર હજો.”

ત્યારબાદ અનાદિમુક્ત વિશ્વમ્‌ના ભૂમિદર્શનનો વિડિયો પ્રદર્શિત કરવામાં આવ્યો હતો. અંતે ‘અનાદિમુક્ત વિશ્વમ્’ના શિલાન્યાસનો તથા ઈ.સ. ૨૦૨૬ના મહોત્સવનો ગુરુજી દ્વારા ઉદ્‌ઘોષ થતાં સમસ્ત એસ.એમ.વી.એસ. સમાજ ઝૂમી ઊઠ્યો હતો.






अनादिमुक्त
विश्वम्


अनादिमुक्त
विश्वम्


अनादिमुक्त
विश्वम्


अनादिमुक्त
विश्वम्


अनादिमुक्त
विश्वम्






# સંસ્થાકીય પ્રવૃત્તિઓ

નિત્ય સાયં સેશન દરમ્યાન વિવિધ સંસ્થાકીય પ્રવૃત્તિઓનો પરિચય આપવામાં આવ્યો હતો. પ્રથમ દિને પૂ. નિર્લેપસ્વામી દ્વારા દેશના નિર્માણાધીન મંદિરો તથા આગામી વર્ષમાં જેનું નિર્માણકાર્ય શરૂ થવાનું છે તેવા મંદિરોની ઝાંખી વિડિયો દ્વારા કરાવવામાં આવી હતી. બીજા દિવસે પૂ. ધરમસ્વામીએ વિદેશમાં મંદિરનિર્માણ તથા સત્સંગ પ્રવૃત્તિ અંગે માહિતી આપી હતી. વળી, સંસ્થા દ્વારા ચાલતી ગીર ગાયની ગૌશાળા વિષે પણ વિડિયો દ્વારા માહિતી આપવામાં આવી હતી. ચોથા દિને પૂ. પૂર્ણસ્વામી દ્વારા સત્સંગ પ્રવૃત્તિની શ્રેષ્ઠ સેવા બજાવતા બાળ–યુવા સત્સંગ કાર્યકરો, નિરીક્ષકો, નિર્દેશકો તેમજ વહીવટદાર અને કોઠારી મુક્તોની સેવાનો રાજીપા ક્રમ રજૂ કરવામાં આવ્યો હતો. ગુરુજીએ આ સર્વે મુક્તોને રાજીપો આપ્યો હતો.

જનહિત જનસેવા માટે જ્ઞાનસત્રમાં મેડિકલ કૅમ્પ સ્ટોલ, કાર્ડિયાક ઓ.પી.ડી. કૅમ્પ, ઓર્થોપેડિક અને જોઇન્ટ રિપ્લેસમૅન્ટ ઓ.પી.ડી. કૅમ્પ, યુરૉલૉજી ઓ.પી.ડી. કૅમ્પ, જનરલ સર્જરી ઓ.પી.ડી. કૅમ્પમાં ૩૦૦૦થી વધુ હરિભક્તોએ લાભ લીધો હતો તથા મેગા બ્લડ ડોનેશન કૅમ્પમાં ૧૨૫૨થી વધુ હરિભક્તો દ્વારા બ્લડ ડોનેટ કરવામાં આવ્યું હતું.









# INDIA


## સંસ્થાના નિર્માણાધીન તથા નવ નિર્મિત મંદિરો

### નિર્માણાધીન મંદિરો

૧ નવી મુંબઈ
૨ ઊંઝા
૩ મોડાસા
૪ ભૂજ
૫ લુણાવાડા
૬ હાલોલ
૭ મોરબી
૮ દાહોદ
૯ આણંદ
૧૦ કડી
૧૧ બાવળા
૧૨ રામસૌર બડા (રાજસ્થાન)

### નવ નિર્મિત મંદિરો

૧ પેટલાદ
૨ જૂનાગઢ
૩ કાંદિવલી(મુંબઈ)
૪ ભાભર
૫ વિરમગામ
૬ વીરપુર
૭ નવસારી
૮ બોપલ
૯ અડાજણ(સુરત)
૧૦ મણિનગર
૧૧ વિસનગર
૧૨ લાલપુર (હિંમતનગર)
૧૩ બોટાદ
૧૪ સાણંદ



# ABROAD

## સંસ્થાના નવ નિર્મિત મંદિરો



એટલાન્ટા
(U.S.A.)



ન્યૂજર્સી
(U.S.A.)



શિકાગો
(U.S.A.)



લંડન
(U.K.)



મેલબોર્ન
(Aus.)






બ્રિસ્બેન
(Aus.)

# દિવ્ય સમર્પણ વિધિ



જ્ઞાનસત્રના અંતિમ સેશનમાં દિવ્ય સમર્પણ વિધિના કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. સેશનના પ્રારંભે પૂ. રાજીપાસ્વામીએ પ્રવચન દ્વારા ગુરુજીના સંકલ્પે ચાલતા SBS (સંકલ્પ બાળ સભા), SKS (સંકલ્પ કિશોર સભા), SMVS છાત્રાલય, SSP (સમર્પિત સેવક પ્રથા) અને STK (સાધક તાલીમ કેન્દ્ર) આદિ પ્રૉજેક્ટની આછેરી ઝલક આપી હતી. આ પ્રૉજેક્ટમાં ગુરુજીનો કેવો ક્વૉલિટીનો આગ્રહ છે અને કેવું વાતાવરણ અને કેવો માહોલ આપી ઘડતર કરવામાં આવે છે તેનું વિવિધ રીતે નિદર્શન કરાવવામાં આવ્યું હતું.




વર્તમાનકાળે ભગવાન સ્વામિનારાયણના સંકલ્પો સોળે કળાએ ખીલી રહ્યા છે. ત્યારે આજના દિવસે એસ.એમ.વી.એસ.નો ખોળો ખૂંદીને યુવાનીને આરે ઊભેલા નવલોહિયા દસ યુવાનોએ પોતાનું સમગ્ર જીવન શ્રીજી અર્થે સમર્પિત કર્યું હતું. જેમાં પાંચ મુક્તો SSP પ્રૉજેક્ટમાં જોડાયા હતા.

ત્યારબાદ STKમાં તાલીમ લઈ રહેલા પાંચ મુક્તો કેતુ પટેલ (કૅનેડા), ગૌરવ કારોત્રા (નવી મુંબઈ), સૌરભ પટેલ (નરોડા), ઘનશ્યામ કથીરિયા (સુરત) તથા સિદ્ધાંત પટેલના (વાસણા) સમર્પણ વિધિનો કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો હતો. વાલીશ્રીઓએ પોતાના નવયુવાન સુપુત્રોને ગુરુજીના શરણે સોંપવાનો ઉત્સાહભેર લાભ લીધો હતો. આ સમર્પણ વિધિમાં પાંચ મુક્તોમાંથી ત્રણ મુક્તો એકના એક સંતાન હોવા છતાં પણ વાલીઓએ હરખભેર મહારાજના શરણે આ મુક્તોનું સમર્પણ કરી ગુરુજીનો રાજીપો મેળવ્યો હતો. નવા સમર્પિત થયેલા મુક્તો તેમજ SSPમાં નવા આવી રહેલા મુક્તો દ્વારા વિશિષ્ટ હારથી વ્હાલા ગુરુજીનું પૂજન કરવામાં આવ્યું હતું. આમ, સમર્પણ વિધિનો લાભ લઈ એસ.એમ.વી.એસ.નો ભક્ત સમાજ ધન્ય થયો હતો.





## ગૌ સેવા ઉપક્રમે કાર્યરત ગૌશાળા


### ●દાન-સેવાની વિગત●

| | |
|---|---|
| ●એક ગાયને ઘાસચારાની તથા દાણની સેવા (માસિક): | ૨૫૦૦/- |
| ●એક ગાયને ઘાસચારાની તથા દાણની સેવા(વાર્ષિક): | ૨૫,૦૦૦/- |
| ●એક ગૌ દાનની સેવા: | ૫૧,૦૦૦/- |

**અનુદાન માટે સંપર્ક કરો : ૯૮૨૫૦ ૪૯૫૧૩**

સામાજિક ક્ષેત્રે એક નવું સોપાન...

# SMVS
# સ્વામિનારાયણ ગીર
# ગૌશાળા



કારણ સત્સંગના વિશ્વવ્યાપી પ્રવર્તન કાજે

# વ્હાલા ગુરુજીનું દિવ્ય સત્સંગ વિચરણ

**તા. ૧૫-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી**એ સાયંકાળે **માલપુર** શહેર તેમજ **ભુંજરી, ગોવિંદપુર, દેવદાંતી** આદિ ગ્રામ્ય વિસ્તારમાં ૭ હરિભક્તોના ગૃહે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પધરામણીનો લાભ આપી પ્રેમીભક્તોના મનોરથ પૂરા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ રાત્રિ સમે **મોડાસા** મંદિરે અંગત સભામાં તેમજ ફોટો સેશન કાર્યક્રમમાં ૩૫૦થી વધુ હરિભક્તોને અનુક્રમે દિવ્યવાણી તેમજ સ્મૃતિ છબીનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૬-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **મોડાસા** ખાતે પ્રાતઃ સમયે જ્ઞાન-ધ્યાન ચિંતન બાદ ૬૦થી વધુ હરિભક્તોને બળપ્રેરક લાભ આપી સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **હિંમતનગર** ઝોનમાં **બાકોર** ગામે મધ્યાહ્ન સમયે ૧ જાહેર સભા તેમજ ૧ પધરામણીનો લાભ આપી ૧૬૦૦થી પણ વધુ હરિભક્તોને દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃપાવંત કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે **પાંડરવાડા, નવાઘરા, દલેલપુર** આદિ ગ્રામ્ય વિસ્તારમાં ૧ રસોઈ તથા ૧૨ પધરામણી કરી પ્રેમી હરિભક્તોના મનોરથ પૂરા કર્યા હતા.

**તા. ૧૯-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે પ્રાતઃ સેશનમાં ૧૬ તેમજ સાયંકાળે ૧૦ પધરામણી તથા ૧ રસોઈનો લાભ આપી હરિભક્તોને રાજી કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વસ્ત્રાલ** ખાતે વિશિષ્ટ પ્રોગ્રામમાં દર્શન-આશીર્વાદનો લાભ આપી ૨૭૫થી પણ વધુ મુક્તોને કૃતાર્થ કર્યા હતા.

**તા. ૨૫-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૭,૭૯૩થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૨૮-૧૦-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **વાસણા** ખાતે પૂનમ સમૈયામાં બળપ્રેરક દિવ્યવાણીનો લાભ આપી ૨૯,૮૦૭થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૯-૧૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ પ્રાતઃ સમયે **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે સંકલ્પ સભામાં દિવ્યવાણીનો લાભ આપી ૨૩,૩૦૫થી પણ વધુ હરિભક્તોને પ્રત્યક્ષ તથા ઑનલાઇન દર્શન-આશીર્વાદનો લાભ આપી સુખિયા કર્યા હતા.

**તા. ૧૨-૧૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ **સ્વામિનારાયણ ધામ, ગાંધીનગર** ખાતે દિવાળી નિમિત્તે અન્નકૂટ ઉત્સવની આરતીનો તથા દર્શન-આશીર્વાદનો લાભ આપી હરિભક્તોને સુખિયા કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ દિવાળી નિમિત્તે ઊજવાયેલ ચોપડાપૂજનમાં દિવ્યવાણીનો લાભ આપી સૌને ધન્ય કર્યા હતા. આ પ્રસંગે ૧૩૯૧થી પણ વધુ હરિભક્તોએ પ્રત્યક્ષ તથા ઑનલાઇન ઉપસ્થિત રહી **વ્હાલા ગુરુજી**નો રાજીપો પ્રાપ્ત કર્યો હતો.

**તા. ૧૪-૧૧-૨૩**ના રોજ **વ્હાલા ગુરુજી**એ નૂતન વર્ષની નવલી પ્રભાતે **નિકોલ, વસ્ત્રાલ** તથા **વાસણા** ખાતે અન્નકૂટની આરતીનો તથા સત્સંગ સમાજને દર્શન-આશીર્વાદનો લાભ આપી કૃપાવંત કર્યો હતો. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **વાસણા** ખાતે નૂતન વર્ષની આશીર્વાદ સભામાં ૩૨૦૦થી પણ વધુ હરિભક્તોને કથાવાર્તાનું બળ આપી ધન્ય કર્યા હતા. આજરોજ **વ્હાલા ગુરુજી**એ **ગોધર** ખાતે અન્નકૂટની આરતી તથા આશીર્વાદ સભાનો લાભ આપી ૧૬૦૦૦થી પણ વધુ હરિભક્તોને કૃતાર્થ કર્યા હતા.

## મૂર્તિસુખે સુખિયા

**કારણ સત્સંગના દિવ્ય પરિવારના પરમ કૃપાપાત્ર મુક્તો કે જેઓ શ્રીહરિની ઇચ્છાથી મૂર્તિસુખે સુખિયા થયા છે. તેઓની નામાવલિ અત્રે આલેખેલ છે :**

**મૂ. નિ. કાંતિલાલ નરોત્તમદાસ પટેલ, ઉંમર વર્ષ-૮૨, મહેસાણા; તા. ૩-૧૦-૨૦૨૩ :** મહેસાણા સત્સંગ મંડળમાં વર્ષો સુધી કોઠારી તરીકે તેમજ સ્વામિનારાયણ ધામ ખાતે પર્ચેઝ વિભાગમાં સેવા આપી રહેલા રઘુભાઈ પટેલના પિતાશ્રી મૂર્તિના સુખે સુખિયા થયા છે. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના કે રઘુભાઈ, જયેશભાઈ, કનુભાઈ અને પરિવારના સૌ સભ્યોને સત્સંગનું ખૂબ બળ આપે.

**મૂ. નિ. કાંતિભાઈ કેવલદાસ પટેલ, ઉંમર વર્ષ-૯૬, ઘાટલોડિયા; તા. ૬-૧૦-૨૦૨૩ :** તેઓએ સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી, સદ્. શ્રી કેશવપ્રિયદાસજી સ્વામી તથા શ્રી સોમચંદબાપા, જાદવજીબાપા તેમજ શ્રી નારાયણમામા આદિ અનાદિમુક્તોનાં દર્શન-આશીર્વાદ પામી રાજીપો પ્રાપ્ત કર્યો હતો. તેઓએ જીવનપ્રાણ અબજીબાપાશ્રીના પક્ષ માટે મોટાપુરુષના રાજીપામાં જ સમગ્ર જીવન વિતાવ્યું હતું. એસ.એમ.વી.એસ. સંસ્થાના પાયામાં પણ અ.મુ. ગુરુદેવ પ.પૂ. બાપજીના વચને ખૂબ સેવા કરી અંતરનો રાજીપો મેળવ્યો હતો. મહાપ્રભુના ચરણોમાં એ જ પ્રાર્થના તેઓને ખૂબ ખૂબ મૂર્તિનું સુખ આપે તેમજ તેમના દીકરા કલ્પેશભાઈ તથા સર્વે પરિવારજનોને સત્સંગનું તથા સમજણનું ખૂબ બળ આપે.



**મૂ. નિ. ઘનશ્યામભાઈ પટેલ, ઉંમર વર્ષ-૮૮, ન્યૂયોર્ક (U.S.A.); તા. ૧૫-૧૦-૨૦૨૩ :** તેઓ જર્સીસિટી મંદિરની પ્રતિષ્ઠા થઈ ત્યારથી જ સત્સંગમાં જોડાયેલા હતા. ન્યૂયૉર્કના સત્સંગ વિચરણમાં તેઓએ ખૂબ તન-મન-ધનથી સેવા કરી છે. તેઓ વ્હાલા ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ખૂબ રાજીપાપાત્ર હતા. જ્યારે જ્યારે ઇન્ડિયાથી ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી યુ.એસ. ખાતે વિચરણમાં પધારતા ત્યારે તેઓએ ફ્લાઇટની ટિકિટની સેવા માગીને લઈ લીધી હતી. મોટાપુરુષે આપેલા કોલ પ્રમાણે તેઓ મહારાજની મૂર્તિના સુખે સુખિયા થયા છે.



**મૂ. નિ. શંકરભાઈ છગનભાઈ પટેલ, ઉંમર વર્ષ-૧૦૦, ઘનશ્યામનગર; તા. ૨૦-૧૦-૨૦૨૩ :** અ.મુ. સદ્. શ્રી ઈશ્વરચરણદાસજી સ્વામી, અ.મુ. સદ્. શ્રી વૃંદાવનદાસજી સ્વામી, અ.મુ. ગુરુદેવ પ.પૂ. બાપજી અને ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો ખૂબ રાજીપો લઈ, આપેલા કોલ મુજબ મહારાજ-બાપાએ મૂર્તિના સુખમાં રાખી લીધા છે. દીકરાઓ જાદવજીભાઈ તથા ધનજીભાઈને તથા પરિવારજનોને મહારાજ-બાપા ખૂબ સત્સંગનું બળ આપે.

**મૂ. નિ. વાડીભાઈ રતિભાઈ ઠક્કર, ઉંમર વર્ષ-૭૩, ઘનશ્યામનગર; તા. ૨૦-૧૦-૨૦૨૩ :** ઘનશ્યામનગર મંદિર બન્યું ત્યારથી જ તેઓને કારણ સત્સંગનો યોગ થયો હતો. તેઓ ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો ખૂબ રાજીપો કમાયા હતા. તેઓ ખૂબ સરળ સ્વભાવી હતા. અંત સમયે વ્હાલા ગુરુજીએ વિડિયો કૉલ દ્વારા દર્શન આપી આશીર્વાદ પાઠવ્યા હતા. મહારાજ ને મોટાની કૃપાથી તેઓ મૂર્તિસુખે સુખિયા થયા છે.

**મૂ. નિ. બચુભાઈ પરષોત્તમદાસ રાઠોડ, ઉંમર વર્ષ-૮૫, નિકોલ; તા. ૧૪-૧૦-૨૦૨૩**

- **મૂ. નિ. ઘનશ્યામભાઈ કાંતિભાઈ મોદી, ઉંમર વર્ષ-૬૭, ઘાટલોડિયા; તા. ૨૭-૧૦-૨૦૨૩**
- **મૂ. નિ. સુખદેવભાઈ રમણલાલ ઠક્કર, ઉંમર વર્ષ-૭૫, નરોડા; તા. ૪-૧૧-૨૦૨૩**

**આ મુક્તોએ ઘરધણી થઈ તન, મન અને ધનથી સંસ્થાને વફાદાર રહીને મમત્વભાવે સેવાઓ કરી છે અને ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીનો રાજીપો મેળવેલ છે. શ્રીજીમહારાજ, ગુરુદેવ પ.પૂ. બાપજી તથા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રીના ચરણોમાં પ્રાર્થના કે તેમના ચૈતન્યને મૂર્તિના અવિચળ સુખભોક્તા કરે.**

## સંસ્થા ગૌરવ

**શ્રી મોક્ષાબેન નીરવભાઈ બશેરી – ઘાટલોડિયા**

ઘાટલોડિયા સેન્ટરના ઘરધણી મુક્ત શ્રી નીરવભાઈ બશેરીનાં પાંચ વર્ષીય સુપુત્રી મોક્ષાએ ‘ધ રોબર ઍથ્લેટિક એસોશિયેશન ઑફ ગુજરાત’ દ્વારા આયોજિત રાજ્ય કક્ષાની સ્કેટિંગ ચૅમ્પિયનશીપમાં ૨૦૦ મીટર સ્કેટિંગ અંતર્ગત અન્ડર - ૬ કેટેગરીમાં દ્વિતીય સ્થાન પ્રાપ્ત કરી સિલ્વર મેડલ પ્રાપ્ત કરેલ છે. ઉપરાંત ‘વૉરિયર-ઓપન સ્ટેટ રોલર સ્કેટિંગ ચૅમ્પિયનશીપ-૨૦૨૩’ દરમ્યાન છોકરીઓ માટેની ક્વાડ્ રેસમાં ત્રીજો ક્રમાંક પ્રાપ્ત કરી બ્રૉન્ઝ મેડલ પ્રાપ્ત કરેલ છે. ભવિષ્યમાં તેઓ તેમની ઉજ્જ્વળ કારકિર્દીમાં અનેક યશકલગી ઉમેરતા રહે તેવી ભગવાન સ્વામિનારાયણના ચરણે પ્રાર્થના.

# મહિલા વિભાગ















મહારાજના સંકલ્પે સંસ્થાના એક અદ્વિતીય ભાગ તરીકે ભક્તિનિવાસ મહિલા વિભાગમાં પણ સમાંતર રીતે સર્વે આયોજનો કરવામાં આવ્યાં હતાં. જેનો લાભ લઈ સર્વે મહિલા સમાજે ધન્યતા અનુભવી હતી. જ્ઞાનસત્રમાં તન, મન ને ધનથી સેવા કરનાર મુક્તો પર વ્હાલા ગુરુજીએ ખૂબ રાજીપો વરસાવ્યો હતો.

## વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલેન્ડ ખાતે સત્સંગ વિચરણ

શ્રીજીમહારાજ અને મોટાપુરુષના ભવ્ય ને પ્રચંડ સંકલ્પમાં વિદેશના મહિલા સમાજને ભેગા ભેળવવા અને કારણ સત્સંગના સિદ્ધાંતોથી ભરી દેવા માટે પૂ. ત્યાગી મહિલામુક્તોનું ઑસ્ટ્રેલિયા–ન્યૂઝીલૅન્ડ ખાતે સત્સંગ વિચરણ યોજાયું હતું.

તા. ૧૩ સપ્ટેમ્બર ને બુધવારના રોજ પ્રાણપ્યારા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. કુંદનબેન, પૂ. રુચિબેન, પૂ. નેહાબેન, પૂ. નીરલબેન તથા હરિભક્તોમાં પ.ભ. મોનિકાબેન પટેલ તથા પ.ભ. રિદ્ધિબેન પિસાવડિયા ઇન્ડિયાથી ઑસ્ટ્રેલિયા ખાતે પધાર્યાં. તા. ૧૪ સપ્ટેમ્બરથી ૧૨ ઑક્ટોબર તથા તા. ૨૧ ઑક્ટોબરથી ૧ નવેમ્બર દરમ્યાનના ઑસ્ટ્રેલિયાના વિચરણ દરમ્યાન સિડની, ઓબરી, મેલબોર્ન, એડીલેટ, બ્રિસ્બેન વગેરે એસ.એમ.વી.એસ.નાં સેન્ટરો ખાતે વિચરણ યોજાયું. વળી, તા. ૧૩ ઑક્ટોબરથી ૨૦ ઑક્ટોબર દરમ્યાન ન્યૂઝીલૅન્ડના ઑકલૅન્ડ ખાતે વિચરણ યોજાયું.

ઑસ્ટ્રેલિયા તથા ન્યૂઝીલૅન્ડના સમગ્ર વિચરણ દરમ્યાન પ્રાતઃ સભા, મહિમા સભા, જાહેર સભા, સાંજની સભા, મહિમા ગોષ્ઠિ, SBS સભા, બાલિકા સભા, બાલિકા રમતોત્સવ, સ્ટુડન્ટ સભા, મહિલા શિબિર, પિકનિક, સમૂહપૂજા, આદર્શ પ્રૉજેક્ટ સભા, સંચાલક–કાર્યકર શિબિર, PR ટ્રેનિંગ, અંગત બેઠક, પધરામણી દ્વારા મહિલા સમાજ પૂ. મુક્તો સાથે નિકટતા કેળવી બળિયો થયો હતો.

આમ, ઑસ્ટ્રેલિયા–ન્યૂઝીલૅન્ડના ૫૧ દિવસના વિચરણ દરમ્યાન ૨૦૩ પધરામણી તથા ૧૦૧ સભાઓ દ્વારા મહિલા સમાજને કારણ સત્સંગના રંગે રંગી તા. ૨ નવેમ્બરના રોજ પૂ. ત્યાગી મહિલામુક્તો ઇન્ડિયા પરત પધાર્યાં હતાં.








## એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા શૈક્ષણિક સહાય

બાળકો સમાજનું અને દેશનું ભવિષ્ય છે. વ્હાલા ગુરુવર્ય પ.પૂ. સ્વામીશ્રી અતિ દયાળુ સ્વરૂપ છે. તેમની આજ્ઞાથી એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા દર વર્ષે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આર્થિક સહાય કરવામાં આવે છે. વર્ષ ૨૦૨૩-૨૪માં સંસ્થાની શાળા, ગુરુકુલ અને દિગ્વિજય મંડળના વિદ્યાર્થીઓને શૈક્ષણિક સહાય કરવામાં આવી છે. જેમાં માધ્યમિક કક્ષાના ૧૯થી વધુ વિદ્યાર્થીઓને ૩,૯૧,૫૩૨ રૂપિયાની, ઉચ્ચતર માધ્યમિક કક્ષાના ૨૩૪થી વધુ વિદ્યાર્થીઓને ૮૪,૨૨,૬૧૦ રૂપિયાની તથા સ્નાતક કક્ષાના ૪૨થી વધુ વિદ્યાર્થીઓને ૧૧,૨૧,૮૦૦ રૂપિયાની આર્થિક સહાય કરવામાં આવી છે. આમ, એસ.એમ.વી.એસ. સંસ્થા દ્વારા કુલ ૯૯,૩૫,૯૪૨થી વધુ રૂપિયાની આર્થિક સહાયથી ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ પોતાની ઉજ્જવળ કારકિર્દીની તક પામ્યા હતા.

## વ્હાલા ઘનશ્યામ મહારાજ સંગે પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કૅનેડા તથા યુ.કે. ખાતે દિવ્ય સત્સંગ વિચરણ

મહારાજ અને મોટાપુરુષનો સંકલ્પ છે કે અનંતને મહાપ્રભુની ઓળખાણ કરાવી, અનાદિમુક્તની સ્થિતિ કરાવવી. તે સંકલ્પને સાકાર કરવાના ભાગ રૂપે વિદેશના મહિલા સમાજને મહિમાથી ભરી દેવા પૂ. ત્યાગી મહિલામુક્તોનું યુ.એસ.એ., કૅનેડા તથા યુ.કે. ખાતે સત્સંગ વિચરણ યોજાયું. તા. ૨૪ જુલાઈ, ૨૦૨૩ ને સોમવારે વ્હાલા ઘનશ્યામ મહાપ્રભુ સંગે પૂ. રમીલાબેન, પૂ. સંગીતાબેન, પૂ. સ્મૃતિબેન તથા હરિભક્તોમાં પ.ભ. નીલિમાબેન પટેલ ઇન્ડિયાથી યુ.એસ.એ. પધાર્યાં. પૂ. ત્યાગી મહિલામુક્તોનું વિચરણ યુ.એસ.એ.ના ન્યૂજર્સીના જર્સીસિટી, ચેરીહિલ, એડિસન, મૅસચ્યૂસિટ્સના બોસ્ટન તથા કૅલિફૉર્નિયાના સાન ફ્રાન્સિસ્કો આદિ એસ.એમ.વી.એસ.ના સેન્ટરોમાં યોજાયું હતું.

તા. ૧૦ ઑગસ્ટથી ૨૦ ઑગસ્ટ તથા તા. ૨૪ સપ્ટેમ્બરથી ૯ ઑક્ટોબર દરમ્યાન કૅનેડા ખાતે સત્સંગ વિચરણ યોજાયું. જેમાં ઑન્ટૉરિયોના નૉથયૉર્ક, ઇટોબિકોક, બ્રેમ્પટન, હૅમિલ્ટન, બર્લિંગટન, વિન્ડસર, લંડન, વુડસ્ટોક, મિસિસાગા, કીચનર, ગલ્ફ, વોટરલૂ, કૅમ્બ્રિજ, બેલવિલે, કિંગ્સ્ટન, એલ્બર્ટાના, કૅલ્ગેરી, એડમિન્ટન તથા સસ્કેચ્યૂઅનના સાસ્કાટુન તથા રજાઈના જેવા વિવિધ શહેરોમાં પધરામણી, સભા જેવા વિવિધ પ્રોગ્રામો યોજાયા.

તા. ૧૮ ઑક્ટોબરથી ૨૭ ઑક્ટોબર દરમ્યાન યુ.કે. ખાતેના વિચરણ દરમ્યાન કિંગ્સબરી મંદિર ખાતે વિવિધ પ્રોગ્રામો યોજાયા. સાથે સાથે લંડનના હેરો, સ્ટેનમોર, ક્વીન્સબરી, કિંગ્સબરી, વેમ્બલી જેવા વિસ્તારોમાં પધરામણીઓ યોજાઈ. ત્રણેય દેશોમાં વિવિધ પ્રોગ્રામો જેવા કે પ્રાતઃ સભા, મહિમા સભા, મહિમા ગોષ્ઠિ, જાહેર સભા, એરિયા સભા, બાલિકા સભા, કિશોરી સભા, યુવતી સભા, SBS સભા, SKS સભા, આદર્શ પ્રૉજેક્ટ સભા, પિકનિક, PR ટ્રેનિંગ, સ્ટાફ સભા, સંચાલક–કાર્યકર શિબિર, મહાપૂજા, અંગત બેઠકો, પધરામણી વગેરે દ્વારા મહિલા સમાજમાં કારણ સત્સંગના ખૂંટ ખોડાયા. આમ, યુ.એસ.એ., કૅનેડા તથા યુ.કે.ના ૯૭ દિવસના વિચરણ દરમ્યાન ૨૦૨ પધરામણી તથા ૧૯૪ જેટલી સભા–મહિમા ગોષ્ઠિ દ્વારા સૌને બળિયા કરી તા. ૨૮ ઑક્ટોબર, ૨૦૨૩ના રોજ પૂ. ત્યાગી મહિલામુક્તો સત્સંગ વિચરણ પૂર્ણ કરી ઇન્ડિયા પરત પધાર્યાં હતાં.








### સંસ્થાના વિવિધ સેન્ટરોમાં ઊજવાયેલ

## ચાતુર્માસ પારાયણ અન્વયે યુવાનો જાગો








॥ સંત સમાગમ કીજે હો નિશદિન, સંત સમાગમ કીજે ॥

સ્વામિનારાયણ સંપ્રદાયની સ્થાપનાથી લઈ અત્યાર સુધી સેવા અને સમાગમને વિશેષ પ્રાધાન્ય અપાતું રહ્યું છે. ગુરુદેવ પ.પૂ. બાપજીએ પણ વર્ષો સુધી નિરંતર કથાવાર્તાના અખાડા ચલાવ્યા છે. વર્તમાનકાળે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રી તથા પૂ. સંતો રાત–દિવસ જોયા વિના સતત વિચરણ કરીને કથાવાર્તાના અખાડા ચલાવી એ જ પરંપરાને ચિરંજીવી રાખી રહ્યા છે. પવિત્ર ચાતુર્માસ દરમ્યાન એસ.એમ.વી.એસ. સંસ્થાના દેશ–વિદેશમાં પથરાયેલાં વિવિધ મંદિરો, કેન્દ્રો તથા મંડળોમાં ગુરુજીના આદેશથી પૂ. સંતોએ આ ચાતુર્માસ નિમિત્તે 'યુવાનો જાગો' ચાતુર્માસ પારાયણો તથા સત્સંગ સભાઓ યોજીને જીવન ઉપયોગી અનેકવિધ વિષયો પર કથાવાર્તાનો લાભ આપી સમગ્ર સત્સંગ સમાજને મહિમા આકારે કર્યો હતો. સંસ્થાના તમામ ઝોનમાં કુલ ૨૪૭ કરતાં પણ વધુ દિનની પારાયણો યોજાઈ. જેમાં ૧,૫૯,૩૩૪ કરતાં પણ વધુ હરિભક્તો કથાવાર્તાનો લાભ લઈ સત્સંગ અને મહિમાથી હર્યાભર્યા થયા હતા.



















| ઝોન | પારાયણના કુલ દિવસ | લાભાર્થીની સંખ્યા |
|---|---|---|
| અમદાવાદ | ૫૪ | ૩૮૫૫૭ |
| વડોદરા | ૨૭ | ૨૫૬૪૭ |
| મહેસાણા | ૧૫ | ૧૨૩૧૩ |
| ગોધર | ૧૫ | ૧૫૯૩૬ |
| ગોધરા | ૩૦ | ૧૧૧૪૬ |
| સૌરાષ્ટ્ર-૧ | ૨૩ | ૭૬૫૩ |
| સૌરાષ્ટ્ર-૨ | ૨૫ | ૧૧૯૬૦ |
| મોરબી | ૬ | ૩૦૭૦ |
| સુરત | ૨૫ | ૧૭૭૩૫ |
| ગાંધીનગર | ૧૬ | ૮૯૭૫ |
| હિંમતનગર | ૧૧ | ૬૩૪૨ |
| **ટોટલ** | **૨૪૭** | **૧૫૯૩૩૪** |

## હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું યુ.એસ.એ. તથા કૅનેડા ખાતે સત્સંગ વિચરણ









કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાના શ્રીજીમહારાજના ભવ્ય અને પ્રચંડ સંકલ્પને પૂરો કરવા વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની આજ્ઞાથી વિદેશ ખાતે સત્સંગ વિચરણ માટે તા. ૨૬ જુલાઈના રોજ પૂ. ધરમસ્વામી, પૂ. સરળસ્વામી, પૂ. મુનિસ્વામીનું મંડળ અને પ.ભ. શ્રી રસિકભાઈ પટેલ યુ.કે., યુ.એસ.એ., કૅનેડા ખાતે પધાર્યા હતા તથા તા. ૨૬મી સપ્ટેમ્બરના રોજ પૂ. દર્શનસ્વામી, પૂ. કરુણામૂર્તિસ્વામીનું મંડળ અને પ.ભ. શ્રી નિર્મળભાઈ યુ.એસ.એ. અને કૅનેડા ખાતે સત્સંગ વિચરણ માટે પધાર્યા હતા. મહારાજ–બાપાના સંકલ્પો પૂરા કરવા માટે વિવિધ પ્રકારે સત્સંગ પ્રવૃત્તિઓનું ઉત્સાહભેર આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં પધરામણી, મહાપૂજા, રસોઈ, અગ્રેસર સભા, પાટોત્સવ, પારાયણ, અન્નકૂટ, બાળ–કિશોર સભા, પ્રવાસ, અંગત બેઠક તથા શિબિરો દ્વારા હરિભક્તોને મહારાજ અને મોટાપુરુષના મહાત્મ્યથી ભર્યા કરી બળિયા કર્યા હતા.

પૂ. ધરમસ્વામીના મંડળે તા. ૨૬–૭–૨૦૨૩થી તા. ૧૨–૧૧–૨૦૨૩ દરમ્યાન યુ.કે., અમેરિકા અને કૅનેડા ખાતેનાં મંદિરો તેમજ જુદા જુદા વિસ્તારોમાં વિચરણ દરમ્યાન કુલ ૧૬૬ પધરામણી, ૧૬૩ જેટલી સભા–શિબિરો, ૭ જેટલી ઉપાસના શિબિરો, ૪ પાટોત્સવ, ૩ સત્સંગ પારાયણ, ૩ અન્નકૂટ ઉત્સવ આદિ દ્વારા કુલ ૮૦૦૦ જેટલા હરિભક્તોને લાભ આપી મહારાજ અને મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ અને એક દૃષ્ટિના માર્ગે આગળ વધાર્યા હતા.

પૂ. દર્શનસ્વામીના મંડળે તા. ૨૬મી સપ્ટેમ્બરથી ૧૨ નવેમ્બર સુધી અમેરિકા અને કૅનેડા ખાતે વિચરણમાં કુલ ૪૨ પધરામણી, ૩૪ જેટલી સભા, ૨ સત્સંગ પારાયણ, ૩ અન્નકૂટ ઉત્સવ આદિ દ્વારા કુલ ૬૬૩ જેટલા હરિભક્તોને લાભ આપી મહારાજ અને મોટાપુરુષ સાથે આત્મબુદ્ધિ અને એક દૃષ્ટિના માર્ગે આગળ વધાર્યા હતા. આ રીતે વિચરણ પૂર્ણ કરી પૂ. સંતોના બંને મંડળે તા. ૧૨ નવેમ્બરના રોજ ભારત પરત આવવા માટે પ્રસ્થાન કર્યું હતું.

# હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોનું AUS-NZ ખાતે દિવ્ય સત્સંગ વિચરણ









મહારાજ અને મોટાપુરુષના ભવ્ય અને પ્રચંડ સંકલ્પો કારણ સત્સંગને વિશ્વવ્યાપી કરવાના છે. આ જ ઉપક્રમે વ્હાલા ગુરુજી પ.પૂ. સ્વામીશ્રીની મરજી મુજબ આ જ વર્ષે પૂ. સંતોનું દ્વિતીય વખત ઑસ્ટ્રેલિયા–ન્યૂઝીલૅન્ડ ખાતે સત્સંગ વિચરણ યોજાયું. જેમાં ચાર પૂ. સંતોનું મંડળ તા. ૨૫ સપ્ટેમ્બર, ૨૦૨૩ ને સોમવારના રોજ ઑસ્ટ્રેલિયાના બ્રિસ્બેન ખાતે રવાના થયું. જેમાં પૂ. સંતોમાં પૂ. નિર્ગુણસ્વામી, પૂ. આશીર્વાદસ્વામી, પૂ. નિયમસ્વામી તથા પૂ. સર્વોત્તમસ્વામી અને હરિભક્તોમાં પ.ભ. શ્રી કલ્પેશભાઈ ધીરુભાઈ ઠક્કર, જગદીશભાઈ પટેલ તથા જિગરભાઈ પ્રજાપતિ જોડાયા હતા. પૂ. સંતોએ ઑસ્ટ્રેલિયા ખાતે બ્રિસ્બેન, સિડની, મેલબોર્ન, એડીલેટ, અલબૅરી વગેરે જેવા નગરો–મહાનગરોમાં તથા ન્યૂઝીલૅન્ડ ખાતે ઑકલૅન્ડ, હૅમિલ્ટન, ફાંગેરાઈ વગેરે જેવા શહેરોમાં વિચરણ કરી હરિભક્તોને મહિમા આકારે કરી, સૌને મહારાજ અને મોટાપુરુષનાં દર્શન–આશીર્વાદ–સમાગમનો મહિમા દૃઢ કરાવ્યો હતો.

આ વિચરણ દરમ્યાન ૬ સત્સંગ શિબિરો, ૯ બાળ–કિશોર સભાઓ, ૨૨ પ્રાતઃ સભાઓ, ૨૮ સંધ્યા સભાઓ, ૫ SBS સભા, ૭ આદર્શ પ્રૉજેક્ટ સભા, ૧ બાળ સંમેલન, ૫ અગ્રેસર સભા, ૧૦ જાહેર સભા, ૨ પિકનિક, ૩ સત્સંગ પારાયણ, ૧ અન્નકૂટોત્સવ, ૮ મહાપૂજાઓ, ૧૭૪ પધરામણીઓ, ૬ અંગત શિબિર તથા ૧૨૫થી વધુ અંગત બેઠકો જેવા વિધ વિધ પ્રોગ્રામો દ્વારા પૂ. સંતોએ બાળકો–કિશોરો–યુવાનોને સત્સંગના આધ્યાત્મિક તથા વ્યવહારિક જીવનનાં પ્રેરણા પીયૂષ પાયાં હતાં. ત્રિ–દિનાત્મક સત્સંગ પારાયણમાં શીખવેલ વ્યવહારિક જીવનની સમસ્યાના ઉકેલ સૌ માટે એક પ્રેરણાનું માધ્યમ બન્યા હતા. અંતમાં તા. ૬ નવેમ્બર ને સોમવારના રોજ વહેલી સવારે વ્હાલા હરિકૃષ્ણ મહારાજ સંગે પૂ. સંતોએ એડીલેટથી ઇન્ડિયા આવવા માટે પ્રસ્થાન કર્યું. આમ, કુલ ૪૨ દિવસોના પૂ. સંતોના ઑસ્ટ્રેલિયા–ન્યૂઝીલૅન્ડ ખાતેના વિચરણમાં સૌને દિવ્યભાવ, આત્મબુદ્ધિ અને મહિમાના તથા સંસ્થા–સિદ્ધાંત–સત્પુરુષની અસ્મિતાના પાઠ શીખવ્યા હતા.

# સંસ્થાના વિવિધ સેન્ટરોમાં ઊજવાયેલ અન્નકૂટોત્સવ
















રમે જમે
મહારાજ












દુબઈ



ન્યૂઝીલેન્ડ



કંપાલા



મેલબોર્ન



એડિસન



બોસ્ટન



ચેરીહિલ

Ghanshyam, December-2023. Published on 10-12-2023. Post at SRO Gandhinagar. 10th to 13th on Every Month. Licenced to Post without prepayment No. PMG/NG/060/ 2021-23, Valid up to 31-12-2023. Regd No. G-GNR-315/ 2021-23, Extended up to 31-12-2023. RNI No. 33267/78.

Printed Sadhu Purnaswarupdas, Published by Sadhu Bhaktvatsaldas on Swaminarayan Mandir Vasna Sanstha (SMVS) and at Vibrant Image Basement, Hi-Tech Complex, Paldi, Ahmedabad 380007 and Published at Swaminarayan Dham, Koba-Gandhinagar Highway, Gandhinagar-7. Editor-Narendrabhai R. Trivedi.

